**એમ.સી.એ. નં.૧/૨૦૨૫**

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ લોક અદાલત છે. પક્ષકારોના વિ.વ.શ્રીઓએ આંક–૧૫ની પુરસીસથી જાહેર કરેલ છે કે રીસ્પોન્ડન્ટ દાવાવાળી મિલ્કતના માલીકી હકક હસ્તાંતર કરવા માંગતા ન હોય તેવુ જાહેર કરે તો આ અપીલ ગુણદોષમાં ઉતર્યા વગર પોતાના અધિકારો કાયમ રાખી પરત ખેંચે છે. રીસ્પોન્ડન્ટના વિ.વ.શ્રીએ જાહેર કરેલ છે કે, જો એપેલેન્ટ આ અપીલ પરત ખેંચવા માંગતા હોય તો છ માસ સુધી દાવાવાળી મિલ્કતના માલીકી હકક તબદીલ કરશે નહી. વધુમાં વિ.વ.શ્રીઓએ આ પુરસીસથી વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાહી ઝડપથી ચાલે તે માટે રજુઆત કરેલ છે. તે રજુઆત ધ્યાનમાં રાખતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: : હુ ક મ : :–**

આજરોજ લોક અદાલતમાં એપેલેન્ટના વિ.વ.શ્રી આ અપીલ વિથ–ડ્રો કરતા હોય નીચે મુજબના ડાયરેકશન સાથે ફેંસલ કરવામાં આવે છે.

૧) તા.૬/૪/૨૦૨૬ના રોજ વિ.ટ્રાયલ કોર્ટમાં વાદીના પુરાવા પર કાર્યવાહી છે. વાદીએ તા.૬/૬/૨૦૨૬ સુધીમાં પોતાના પક્ષે જે કોઈ મૌખીક દસ્તાવેજી પુરાવા આપવા માંગતા હોય તે આપવાના રહેશે.

૨) ત્યારપછી તા.૭/૬/૨૦૨૬થી તા.૭/૮/૨૦૨૬ સુધીમાં પ્રતિવાદી પોતાના પક્ષે જે કોઈ મૌખીક દસ્તાવેજી પુરાવા આપવા માંગતા હોય તે આપવાના રહેશે.

૩) પક્ષકારોના પુરાવા આપવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ વાદી પક્ષે દિવસ–૧૫ માં પોતાની આખરી દલીલ કરવાની રહેશે અને ત્યારપછી દિવસ–૧૫માં પ્રતિવાદી પક્ષે પોતાની આખરી દલીલ કરવાની રહેશે.

૪) ઉપરોકત હુકમ અનુસાર વાદી તથા પ્રતિવાદી તરફે પુરાવા રજુ થયા બાદ આખરી દલીલ થાય ત્યારથી દિવસ–૩૦ માં વિ.ટ્રાયલ કોર્ટે પોતાનો ચુકાદો જાહેર કરવાનો રહેશે.

સ્થળ : ખંભાળીયા
તારીખ :૧૪/૩/૨૦૨૬

સમીર વિનોદચંદ્ર વ્યાસ
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા.
જીજે૦૦૩૪૫